૧

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરને વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૫૫૦.૦૦ લાખની જોગવાઈ પૈકી બીજા હપ્તા પેટે રૂ.૧૨૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવાની મંજૂરી બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૩૧૨/૬૯૮૪૮૫/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૫/૦૨/૨૦૨૧

વંચાણમાં લીધા:-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૯/૧૦/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:અવક/૧૩૧૨/૬૯૮૪૮૫/જ

૨. ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૬/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક:અવિકો/નાણાં/૨૦૨૧/૨૫

3. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૭/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક:અજાક/મ/૬/૨૦૨૧/૫૪૯-૫૫૦

આમુખ:-

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ:૨૦૨૦-૨૧માં રૂ.૫૫૦.૦૦ લાખની આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઇ થયેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક ૦૧ પરના તા.૦૯/૧૦/૨૦૨૦ના ઠરાવથી વર્ષ:૨૦૨૦-૨૧ માં વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કુલ રૂ.૫૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈની સામે પ્રથમ હપ્તા પેટે રૂ.૩૫૦.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે, જે પૈકી બાકી રહેલ રકમ મેળવી નિગમના અધિકારી/કર્મચારીઓના પગાર, ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે બીજા હપ્તા પેટે રૂ.૧૨૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા ક્રમાંક-૨ પરના તા.૦૬/૦૧/૨૦૨૧ના પત્રથી દરખાસ્ત કરેલ છે તથા ઉક્ત રકમની વહીવટી ગ્રાન્ટ ફાળવવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર દ્વારા ક્રમાંક-3 પરના તા.૨૭/૦૧/૨૦૨૧ના પત્રથી ભલામણ કરેલ છે.

ઠરાવ:-

ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની ઉકત દરખાસ્ત પરત્વે વર્ષ:૨૦૨૦-૨૧માં વહીવટી ગ્રાન્ટ માટે થયેલ કુલ રૂ.૫૫૦.૦૦ લાખની બજેટ જોગવાઈની સામે બીજા હપ્તા પેટે રૂ.૧૨૦.૦૦ લાખની (રૂપિયા એકસો વીસ લાખ પુરા) વહીવટી ગ્રાન્ટ, નીચે મુજબની શરતોને આધિન ફાળવવાની મંજૂરી આપવામાં આવે છે:-

૧. સને ૨૦૨૦-૨૧ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.
૨. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
૪. વર્ષના અંતે, જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.
૫. નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે સને ૨૦૨૦-૨૧ના વર્ષમાં જે-તે માસનાં અગાઉના માસ સુધીના ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ/આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર-૦૧ એસસીડબલ્યુ-૧૩ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ (વહીવટી ગ્રાન્ટ) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા:૧૭/૦૨/૨૦૨૧ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

2. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7. મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
10. સેક્શન અધિકારીશ્રી, નાણાં વિભાગ (અ-શાખા), સચિવાલય, ગાંધીનગર.
11. પસંદગી ફાઇલ-૨૦૨૧.